# દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયની ચોથી રક્તદાન શિબિર

## ઉત્તરાખંડના માનનીય ચિકિત્સા મંત્રીની ઉપસ્થિતિમાં યોજાઈ ગઈ

તા-૧ ફેબ્રુઆરીના રોજ દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય પરિસરમાં ચોથી વિશાળ રક્તદાન શિબિર યોજાઈ ગઈ, જેનું ઉદ્‌ઘાટન ઉત્તરાખંડના 'નિશંક' મંત્રી ચિકિત્સા તથા આરોગ્ય, પરિવાર કલ્યાણ, આયુષ અને વિજ્ઞાન તથા પ્રૌદ્યોગિકી મંત્રી ડૉ.રમેશ પોખરિયાલે કર્યું. આ અવસર પર તેમણે સસ્તી, સર્વસુલભ તથા સમગ્ર સ્વાસ્થ્યવર્ધક પ્રાચીન ચિકિત્સા પદ્ધતિઓને આધુનિક ચિકિત્સા વિજ્ઞાનના આધાર પર પ્રમાણિક તથા પ્રભાવશાળી બનાવવાના શાંતિકુંજના પ્રયાસોની મુક્તકંઠે પ્રશંસા કરી. તેમણે કહ્યું કે પરમ પૂજ્ય આચાર્યજીએ પોતાના જીવનને તિલ-તિલ જલાવીને સંવેદનાની જે અખંડ જ્યોતિ પ્રગટાવી છે, એનો જ પ્રકાશ એમના સ્વપ્નના આ વિશ્વ વિદ્યાલયના સામાજિક કાર્યોમાં જોવા મળે છે.



રક્તદાન કરી રહેલ વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી રહેલ મંત્રી શ્રી 'નિશંક'

રક્તદાન શિબિરના ઉદ્‌ઘાટન સમારંભ -માં દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના કુલપતિ ડૉ.એસ.પી. મિશ્રાએ મંત્રીજીને યોગ આરોગ્ય પોલીક્લીનિક તથા ૧૩૫ કરોડ રૂપિયાના લાગતથી બાંધવામાં આવી રહેલ દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના શોધ તથા વિકાસ પ્રકલ્પની વિસ્તૃત જાણકારી આપી. તેમણે યોગ આરોગ્ય પોલી ક્લીનિકમાં વનૌષધિઓ દ્વારા યજ્ઞ ચિકિત્સાથી થઈ રહેલ ૨૮ રોગોના ઉપચારની જાણકારી આપી. ઉત્તરાખંડના ગામોને ખોળે લઈને ત્યાંની વનૌષધિ વાટિકાઓની સ્થાપના તથા સસ્તી-સમગ્ર ચિકિત્સા સેવાઓ ઉપલબ્ધ કરાવવાની જાણકારી પણ તેમણે આપી. સ્વાસ્થ્ય મંત્રીએ કહ્યું કે ઉત્તરાખંડની આયુષ ગ્રામ યોજનામાં દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય જેવી સંસ્થાઓની ભાગીદારી ક્રાંતિકારી સાબિત થઈ શકે છે.

ઉત્તરાખંડના સ્વાસ્થ્ય વિભાગની જન-આરોગ્ય તથા રક્તદાન સલાહકાર સુશ્રી વિનીતા શ્રીવાસ્તવે પ્રાકૃતિક આપદાઓવાળા આ પ્રદેશમાં રક્તદાનના અભાવ પર ચિંતા વ્યક્ત કરી તથા રક્તદાનને મહાઅભિયાનના રૂપમાં ચલાવવાની આવશ્યકતા બતાવી. દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના આ ચતુર્થ રક્તદાન શિબિરમાં એકસો થી વધારે યુનિટ રક્તદાન થયું. શિબિરના ઉદ્‌ઘાટન સમારંભમાં વિશ્વવિદ્યાલય ના સરકારી અધિકારી તથા આરોગ્ય સેવાઓ સાથે સંબંધિત આચાર્ય-વિદ્યાર્થી મુખ્ય રૂપથી ઉપસ્થિત રહ્યા હતા.✹

# શાંતિકુંજમાં પ્રશિક્ષણ મેળવી રહી છે ૫૪૦૦ આંગણવાડી કાર્યકર્તા બહેનો



આંગણવાડી કાર્યકર્તા બહેનોને તાલીમ આપી રહેલ શ્રીમતી યશોદા શર્મા

તા-૧૧ જાન્યુઆરી-૦૮ થી જીલ્લાધિકારી તથા જીલ્લા કાર્યક્રમ અધિકારી, હરિદ્વારના નિર્દેશોથી શાંતિકુંજમાં હરિદ્વાર જિલ્લાની સમસ્ત આંગણવાડી કાર્યકર્તા બહેનોની ત્રણ-ત્રણ દિવસના યોગ તથા રચનાત્મક તાલીમની શૃંખલા ચાલી રહી છે. આ તાલીમ શૃંખલા ઉત્તરાખંડ સરકાર દ્વારા પોતાના રાજ્યની આંગણવાડી કાર્યકર્તા બહેનોના સહયોગથી નારી જાગરણ, નારી સશક્તિકરણ, જનની તથા શિશુ સ્વાસ્થ્યની સમસ્યાઓના સમાધાન માટે પાછલા બે-અઢી વર્ષોથી શાંતિકુંજ સાથે મળીને કરવામાં આવેલ પ્રયાસોની એક કડી છે. જીલ્લા તથા રાજ્ય સરકારનું માનવું છે કે દેશમાં દર ૫૦૦ લોકોની આબાદી પર એક આંગણવાડી કાર્યકર્તાની નિયુક્તિ થાય છે. અગર એને નારીની વિભિન્ન સમસ્યાઓના વિષયમાં બરાબર તાલીમ આપવામાં આવે તો તેઓ સમાજના વિકાસમાં ખુબ મોટું યોગદાન આપી શકે છે.

શાંતિકુંજમાં અત્યાર સુધી આંગણવાડી કાર્યકર્તા બહેનોની ૭ શિબિર સંપન્ન થઈ ચુકી છે. એની અંતર્ગત હરિદ્વાર જિલ્લાના કુલ ૨૭૦૦ કેન્દ્રોની ૫૪૦૦ બહેનોની તાલીમની યોજના છે. તાલીમ શિબિરોનું સંચાલન શાંતિકુંજની બહેનો દ્વારા જ કરવામાં આવે છે. આ શિબિરોમાં તાલીમાર્થી બહેનોને યોગ, સંસ્કાર, સુરક્ષિત માતૃત્વ, શિશુઓના કુપોષણથી મુક્તિ, સંગીત વગેરેની તાલીમ આપવામાં આવી રહી છે. તેમણે નારી, શિશુ તથા બાળકોના સ્વાસ્થ્ય માટે 'દાદીમાના નુસખા' તથા 'ઘરેલું ચિકિત્સાના સૂત્રો' વિશેષ રૂપથી શિખવાડવામાં આવી રહ્યા છે. ✹

### આંગણવાડી કાર્યકર્તા બહેનોના નામે વર્તમાન જીલ્લાધિકારીનો સંદેશ



आर० के० सुधांशु
आई.ए.एस.

उत्तराखण्ड शासन

जिलाधिकारी
हरिद्वार

नि० : 226891, 226677
का० : 239440, फैक्स : 226567
Email:hardm@...nic.in
Website:www.haridwar.nic.in
अ.शा. पत्रांक : 187/ /सी.ए.
दिनांक 31-3-2007

हरिद्वार की समस्त आँगनबाड़ी कार्यकर्त्रियों को

जिलाधिकारी का विशेष सन्देश

मुझे यह जानकर अत्यन्त हर्ष हुआ है कि हरिद्वार जनपद की सभी ग्रामसभाओं के अन्तर्गत आने वाले आँगनबाड़ी केन्द्रों में कार्यरत आँगनबाड़ी कार्यकर्त्री बहिनों को महिला सशक्तीकरण, बाल निर्माण, आदर्श परिवार का विकास, सन्तुलित पारिवारिक व सामाजिक जीवन, युवाओं को जीवन की दिशा बोध, वैज्ञानिक दृष्टि का विकास जैसे महत्वपूर्ण विषयों पर राष्ट्र के प्रख्यात मनीषी, चिन्तक व विचारक आचार्य श्रीराम शर्मा द्वारा रचित आठ पुस्तकें उपलब्ध करायी जा रही हैं।

विचारों में असीम शक्ति होती है। श्रेष्ठ विचारों को आचरण में लाकर सामान्य व्यक्ति भी असाधारण व्यक्तित्व का स्वामी बन सकता है तथा जीवन के परम लक्ष्य को प्राप्त कर सकता है। मेरा मानना है कि आचार्यवर की पुस्तकों- 'बच्चों का निर्माण परिवार की प्रयोगशाला में', 'अमृत कथायें', 'सुख एवं शान्ति का आधार आदर्श परिवार', 'परिवार को स्वर्ग', 'नारी उत्थान समय की सबसे बड़ी आवश्यकता', 'हूँ होइए सफल', 'बिना मोल आफत दुर्व्यसन', तथा 'माता विज्ञान और धर्म का' में समाहित सशक्त विचारों को आँगनबाड़ी कार्यकर्त्री बहिनों द्वारा ग्रामसभा के सभी नर-नारियों, बालक-बालिकाओं तथा हमारी युवाशक्ति तक पहुँचाने से ग्रामीण जीवन को सुख एवं शान्ति से भरा-पूरा बनाने के लक्ष्य में उल्लेखनीय सहायता मिलेगी। मुझे आशा ही नहीं वरन् पूर्ण विश्वास है कि आँगनबाड़ी बहिनें ग्रामवासियों के मन को अच्छा बनाने के इस कार्य में पूरी रुचि लेंगी और इन पुस्तकों का पूरा सदुपयोग करेंगी। मैं आशा करता हूँ कि हरिद्वार के ग्रामीण अंचलों की नारी शक्ति व नयी पीढ़ी के अलावा अन्य ग्रामवासी भी इनका पूरा लाभ उठायेंगे।

जिले के आँगनबाड़ी केन्द्रों को ये पुस्तकें निःशुल्क उपलब्ध कराने के लिये गायत्री परिवार, शान्तिकुंज-हरिद्वार के परिजन निःसन्देह सराहना एवं धन्यवाद के पात्र हैं। मैं इस अभियान की सफलता की कामना करता हूँ तथा इससे जुड़े सभी आत्मीय भाई-बहिनों एवं विभागीय अधिकारियों व कर्मचारियों को हार्दिक साधुवाद देता हूँ।

(आर०के०सुधांशु)

### દેસંવિવિ-શાંતિકુંજ દ્વારા આંગણવાડી કાર્યકર્ત્રી બહેનોની તાલીમ માટે અત્યાર સુધી કરવામાં આવેલ પ્રયાસ પર એક નજરમાં

● નિર્દેશક, બાલ વિકાસ તથા પુષ્ટાહાર, ઉત્તરાખંડ, દહેરાદૂન દ્વારા નવેમ્બર-૨૦૦૫માં 'પ્રબુદ્ધ નારીઓ આગળ આવો' પુસ્તક રાજ્યની સમસ્ત આંગણવાડી બહેનો સુધી વિશેષ નિર્દેશો સાથે પહોંચાડવામાં આવી.

● જિલ્લાધિકારી, હરિદ્વારના વિશેષ સંદેશની સાથે જિલ્લાની તમામ આંગણવાડી કેન્દ્રોને એમના કાર્યો સાથે સંબંધિત આઠ મહત્ત્વપૂર્ણ પુસ્તકો એપ્રિલ-૨૦૦૭માં મોકલવામાં આવી. મહાન વિચારક, સમાજશાસ્ત્રી તથા અધ્યાત્મવેત્તા આચાર્ય શ્રીરામ શર્માજી દ્વારા લખવામાં આવેલ આ સત્સાહિત્યથી આંગણવાડી બહેનોને પ્રચુર પ્રકાશ મળ્યો છે.

● હરિદ્વાર જિલ્લાના આઠ સ્થાનો પર જિલ્લાની સમસ્ત ૨૨૫૪ આંગણવાડી કાર્યકર્ત્રી બહેનોને વિભિન્ન બેઠકોમાં અનુભવી સમાજસેવી કાર્યકર્તાઓ દ્વારા આવશ્યક માર્ગદર્શન આપવામાં આવ્યું. નવી પેઢી તથા એમની જનેતાઓના ઉત્તમ સ્વાસ્થ્ય, શ્રેષ્ઠ સંસ્કાર, સ્વાવલંબી જીવન માટે મળેલ સૂત્ર આંગણવાડી બહેનો દ્વારા અત્યંત ઉપયોગી બતાવવામાં આવ્યા.

● આંગણવાડી કેન્દ્રો માટે એક પ્રેરણા ગીત જિલ્લા સરકારને આપવામાં આવ્યું, જેમાં ભ્રુણ હત્યા તથા છોકરા-છોકરીમાં ભેદ નિવારણ, નારી શિક્ષણ, બાળ સંસ્કાર, જાતીય સમભાવ, નર-નારીનું સહગમન વગેરે વિષયો પર સશક્ત માર્ગદર્શન સામેલ છે. વિભાગ દ્વારા એણે કેન્દ્રો પર સમૂહગાનના રૂપમાં ગાવા માટે સ્વીકાર કરવામાં આવી રહ્યું છે.

**આવો પ્રયાસ બીજા રાજ્ય અને જિલ્લાઓમાં પણ કરી શકાય છે.**

● જીલ્લાભરમાં ફેલાયેલ આંગણવાડી કેન્દ્રોના પોતાના ભવનો (વિભાગીય ભવનો) પર સાર્વભૌમ સ્તરના પ્રેરક સદ્‌વાક્યોનું લેખન કરાવવાની યોજના છે, જેનાથી ગ્રામવાસીઓને સહજ માર્ગદર્શન મળતું રહેશે. ☯

### પટના ઝોનલ કાર્યશાળા...... (પાના નંબર-૧૦ નું ચાલુ)

પટનાના વયોવૃદ્ધ પરિજન શ્રી મહેશ્વર પ્રસાદ સિંહજીએ સૌની તરફથી મંગલ તિલક તથા માતૃસંસ્થા માટે દક્ષિણાના કવર સાથે શાંતિકુંજ ટોળીને વિદાઈ આપી. તમામ વરિષ્ઠ ભાઈઓએ મળીને વિદાઈ ગીત ગાયા-"આઓ મન મેં બસા લે શ્રીરામ કો, ચલો તન સે કરેં પ્રભુ કામ કો...". શાંતિકુંજની ટોળીએ તમામ પરિજનો પર ગુરુસત્તાના આશીર્વચનો (મંત્રપાઠ)ની સાથે પુષ્પવૃષ્ટિ કરી. દેવ શક્તિઓની વિદાઈ આપવામાં આવી, જયઘોષ તથા સૂત્રોચ્ચાર સમવેત સ્વરોમાં બોલવામાં આવ્યા તથા શાંતિપાઠ ની સાથે કાર્યશાળા સંપન્ન થઈ.

કાર્યશાળામાં બોલવામાં આવેલ શબ્દો તથા ગતિવિધિ-ઓને પોતાના વીડિયો કેમેરામાં ઉતારવા માટે શાંતિકુંજ ઈ.એમ. ડી.ના સભ્યો શ્રી સંતોષસિંહ તથા શ્રી ઉમેશ યાદવે પોતાના તમામ યંત્રોને સમેવાનો પ્રારંભ કર્યો. અહીંથી પાછા ફરતી વખતે તેની માંગ કરનારા કાર્યકર્તાઓની પૂરી કાર્યશાળાની સીડી સંકલિત કરી મોકલવાના કાર્યમાં લાગવાનું છે.

પટનાની ઝોનલ કાર્યશાળા પોતાની ગૌરવ-ગરિમાની સાથે સંપન્ન થઈ. ઘણા દિવસો સુધી પરિજનોના હૃદયોમાં એની સુવાસ બની રહેશે. વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો કે આખા બિહાર રાજ્યમાં જાગૃત આત્માઓમાં નવો ઉત્સાહ ઉમટશે, યુગશક્તિની ઉપાસનાનો પ્રચાર ગામે-ગામ થશે, યુગ પુરુષના યુગાન્તર-કારી વિચાર મન:સ્થિતિ અને પરિસ્થિતિઓમાં વ્યાપક પરિવર્તન લાવશે.

કાર્યશાળાની સમાપ્તી પર તમામ સર્જન સૈનિક ભાઈ-બહેન ધીરે-ધીરે ભારે પગલાથી મુક્તાકાશ સભાહૉલથી નિકળી રહ્યા હતા. મન એટલા માટે ભારે હતા કે આખા બિહારથી આવેલ દેવ પરિવાર છુટા પડી રહ્યા હતા, પરંતુ ખુશી એ વાતની હતી કે તેઓ નવા સંકલ્પોના બળથી ઓતપ્રોત હતા. તેઓ કંઈક કરી બતાવવાના ઉત્સાહથી ઓતપ્રોત માલુમ પડતા હતા. સૌને એ બોધ થઈ ચુક્યો હતો કે યુગ નિર્માણના વિચાર ખૂબ ઉંચા છે, એની સાથે અગર સંઘશક્તિનું બળ મળી જાય, તો એ દસ ગુણા વધારે વેગવાન થઈ જશે. ☯

**શિક્ષણ પ્રાપ્ત કરવું અને બાળકોને શિક્ષિત બનાવવા મનુષ્યનો ધર્મ છે.**